રાજભવનના કર્મચારીઓ-અધિકારીઓ માટે ગાંધીનગરમાં નવનિર્મિત આવાસીય પરિસર - 'ઐશ્વર્યમ્'નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે લોકાર્પણ

- 'ઐશ્વર્યમ્' આશ્રયની સાથોસાથ સુખ, સન્માન, શાંતિ અને સંતોષ પણ આપે એ જ અભ્યર્થના : શ્રી આચાર્ય દેવવ્રતજી
- ૯૩૭ દિવસમાં 'ઐશ્વર્યમ્' પરિસરમાં ચ-કક્ષાના ૯૬, ઘ-કક્ષાના ૩૨, ગ-૧ કક્ષાના ચાર અને ક-કક્ષાના ચાર આવાસો ઉપરાંત કોમ્યુનિટી હૉલ, આરોગ્ય કેન્દ્ર, ૧૦ દુકાનો અને વિશાળ ઉદ્યાનનું નિર્માણ સંપન્ન

ગાંધીનગર એચ.ઓ

રાજભવનના કર્મચારીઓ અને અધિકારીઓ માટે ગાંધીનગરમાં નવનિર્મિત આવાસીય પરિસર - 'ઐશ્વર્યમ્' નું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે લોકાર્પણ કર્યું હતું. રાજભવન પરિવારને અત્યાધુનિક સુવિધાઓથી સુસજ્જ આવાસો અર્પણ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, 'ઐશ્વર્યમ્' એટલે સુખ-સમૃદ્ધિ અને ધન-સંપદા.

આ આવાસીય પરિસર રાજભવનના પરિવારજનોને આશ્રયની સાથોસાથ સુખ, સન્માન, શાંતિ અને સંતોષ પણ આપે એ જ અભ્યર્થના.

ગાંધીનગરના જ-માર્ગ પર વર્ષોથી રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ હતા. શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના રાજ્યપાલ તરીકે પદભાર સંભાળ્યો ત્યારે તેમણે અત્યંત જર્જરીત થઈ ગયેલા સ્ટાફ ક્વાર્ટર્સના નવનિર્માણનું કામ હાથમાં લીધું હતું.

તા. ૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ તેમણે આવાસીય પરિસરના નવનિર્માણ માટે ભૂમિપૂજન કર્યું હતું. આજે ૯૩૭ દિવસમાં આ પરિસરમાં ચ-કક્ષાના ૯૬, ઘ-કક્ષાના ૩૨, ગ-૧ કક્ષાના ચાર અને ક-કક્ષાના ચાર ભવ્ય આવાસોનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત આ પરિસરમાં ભવ્ય કોમ્યુનિટી હૉલ- 'સરસ્વતી સદનમ્', સંપૂર્ણ સુવિધાયુક્ત રાજભવન આરોગ્ય કેન્દ્ર, ૧૦ દુકાનો અને વિશાળ ઉદ્યાનનું નિર્માણ સંપન્ન થયું છે. આ આવાસીય પરિસરને 'ઐશ્વર્યમ્' નામ આપવામાં આવ્યું છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તકિતનું અનાવરણ કરીને 'ઐશ્વર્યમ્' નું લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલ શ્રી એ આજે આ પરિસરમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના એ.ટી.એમ. સેન્ટરનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. 'સરસ્વતી સદનમ્' માં આયોજિત લોકાર્પણ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, 'ઐશ્વર્યમ્' માં હંમેશા ભાઈચારો, એકતા અને પરસ્પર સહિષ્ણુતાનું વાતાવરણ જળવાઈ રહે. રાજભવનની કોલોનીમાં ક્યારેય કોઈ દૂર્વ્યસન કે અનુચિત આચરણ ન થાય એ જોવાની જવાબદારી હવે અહીં વસતા પરિવારોની છે. બાળકો સૌથી મોટી પૂંજી છે. 'ઐશ્વર્યમ્' માં રહેતા-ઉછરતા બાળકોને એવું જીવન મળે કે તેઓ મોટા થઈને ઈતિહાસ રચે એવા પદ પર પહોંચે.

'ઐશ્વર્યમ્' આદર્શ કોલોની બને એવી અભિલાષા વ્યક્ત કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, કોઈને પણ આદર્શ કોલોની જોવી હોય તો તે રાજભવનની 'ઐશ્વર્યમ્' કોલોની જોવા આવવો જોઈએ.

આ સુંદર પરિસર અહીં વસતા પરિવારોના જીવનની સમૃદ્ધિનો આધાર બને એમ તેમણે કહ્યું હતું.

'ઐશ્વર્યમ્' માં વસતા પરિવારો પ્રગતિ કરે, ઉન્નતિ કરે અને ઐશ્વર્યશાળી બને એવી શુભકામનાઓ સાથે તેમણે પરિસરનું લોકાર્પણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ આજે આ પરિસરના ઉદ્યાનમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું તથા આવાસીય પરિસરનું અવલોકન કર્યું હતું.

રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્માએ રાજભવન પરિવારવતી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે, રાજ્યપાલશ્રીના સતત માર્ગદર્શનથી આ ભવ્ય અને સુંદર પરિસરનું નિર્માણ થયું છે, ત્યારે આપણા સૌની જવાબદારી છે કે, તેને ભૌતિક અને નૈતિક રીતે સ્વચ્છ રાખીએ.

અહીં રહેતા કર્મયોગી કોઈ પ્રકારનું વ્યસન ના કરે અને આ પરિસરને એક આદર્શ પરિસર બનાવવામાં સહયોગી બને તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર તથા અધિક સચિવ શ્રી પતંજલિ મિશ્રાએ સ્વાગત પ્રવચન કરીને પરિસર અંગે માહિતી આપી હતી. આ અવસરે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાના ગાંધીનગર સર્કલના જનરલ મેનેજર શ્રી ચંદ્રશેખર વી., રાજ્યપાલશ્રીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વિદ્યાલંકારજી, રાજ્યપાલશ્રીના ગૃહ નિયામક શ્રી એ.કે.જોષી, સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન છોટાઉદેપુર દ્વારા ભાઈઓ માટે ફીજ અને એ.સી. રીપેરીંગની વિના મુલ્યે ૩૦ દિવસની તાલીમનું આયોજન

છોટા ઉદેપુર

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, છોટાઉદેપુર દ્વારા ભાઈઓ માટે ફીજ અને એ.સી રીપેરીંગની વિના મુલ્યે ૩૦ દિવસની તાલીમનું આયોજન કરવમાં આવ્યું છે. આ તાલીમ થકી યુવાનો ટેકનિકલ જ્ઞાન મેળવી સ્વરોજગારીના માર્ગે આગળ વધશે. તાલીમ દરમિયાન પાર્ટ્સ ઓળખવું, ફોલ્ડ ડાયગ્નોસિસ, મેન્ટેનન્સ, સર્વિસ અને રીપેરીંગ જેવી ખાસિયતો શીખવવામાં આવશે. આ નિશુલ્ક ૩૦ દિવસની તાલીમમાં ભાગ લેવા ઇચ્છુક છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ભાઈઓએ નામ નોંધાવી બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા, છોટાઉદેપુર ગાબડીયા રોડ, માણકા નજીક, પીપલેજ, છોટાઉદેપુર પર કરાવી જવાનું રહેશે. આ તાલીમમાં નિષ્ણાંતો દ્વારા ગુણવતા યુક્ત તાલીમ, તાલીમ માટે પાટે પેન-ચોપડા તથા વિવિધ તાલીમ માટેના સાધનોની વ્યવસ્થા, તાલીમ દરમ્યાન વ્યસાયના દરેક પાસાને આવરી લે તેવું માર્ગદર્શન, તાલીમ દરમ્યાન આધારકાર્ડ, રેશન કાર્ડ,બેન્ક પાસબુક અને ૩ પાસપોર્ટ સાઈઝ ફોટા લાવવાના રહેશે. તાલીમ પૂર્ણ કર્યા પછી સર્ટિફિકેટ આપવામાં આવશે.

JHAVERI JHAVERI CREDITS AND CAPITAL LTD.

Jhaveri Credits and Capital Limited

CIN: L65910GJ1993PLC020371

Regd. Office: 19th Floor, Westport, Opp. Montecristo Banquet, Sindhu Bhawan Road, Thaltej, Ahmedabad - 380058

Phone: +91 9712000637 | Website: www.jhavericredits.com | E-mail: csjhavericredits@gmail.com

Extract of Audited Financial Results for the Quarter and Year ended March 31, 2025

(Rs. in lakhs)

Particulars	Quarter ended 31/03/2025	Quarter ended 31/03/2024	Year Ended 31/03/2025
Revenue from Operations	95.71	490.63	2331.10
Profit before exceptional items and tax	-184.15	97.96	275.56
Profit before tax	-184.15	97.96	275.56
Profit for the period	-100.04	35.06	240.94
Total Comprehensive Income (after tax)	0.00	0.00	0.00
Paid up Equity Share Capital (of Rs. 10 each)	898.59	898.59	898.59
Other Equity excluding revaluation reserve			
Earnings per equity share (of Rs. 10 each)			
Basic (Not Annualised)	-1.11	0.39	2.68
Diluted (Not Annualised)	-1.05	0.39	2.54

Notes:
1 The Audit Committee has reveiwed the above results and the Board of Directors has approved the above results at their respective meetings held on May 28, 2025.
2 The above is an extract of the detailed format of the audited financial results for the quarter and year ended on March 31, 2025 filed with the Stock Exchange pursuant to Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
3 The full format of the audited financial results for the quarter and year ended on March 31, 2025 are available on the Stock Exchange's website (www.bseindia.com) and the Company's website www.jhavericredits.com.

For Jhaveri Credits and Capital Limited
Sd/-
Vishnukumar Patel
Managing Director

Place: Ahmedabad
Date: 28-05-2025

NOTICE

Schedule of upcoming Investor Awareness Program(s) (IAP);

Axis Mutual Fund conducts various IAP with a view to educate and create awareness amongst the investors about the Mutual Funds.

In this regard, please see below details of upcoming of IAP:

Date of Event	Mode of Participation (Physical / Online)	Time	Address / Link for joining webinar
31-05-2025	Physical	6:30 p.m. to 8:30 p.m.	Mayur Restaurant, Jasodanagar Cross Road, Near Fire Station, Ahmedabad, Gujarat - 382445.

For any queries/ clarifications please contact : Ketan Parmar - 7016006325.

Date : May 28, 2025

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

AXIS MUTUAL FUND

One Lodha Place, 22nd & 23rd Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai, Maharashtra, Pin Code - 400 013, India.
TEL : (022) 6649 6100, **EMAIL :** customerservice@axismf.com, **WEBSITE :** www.axismf.com.

વેક્સફેબ એન્ટરપ્રાઈઝ લિ.ની FY૨૦૨૪-૨૫માં ટોટલ ઈક્મ રૂ. ૫૯.૩૮ કરોડ રહી

VAXFAB ENTERPRISES LTD

અમદાવાદ, અમદાવાદ સ્થિત વેક્સફેબ એન્ટરપ્રાઈઝિસ લિમિટેડે (BSE – ૫૪૨૮૦૩) માર્ચ ૨૦૨૫માં પૂર્ણ થયેલા FY ૨૦૨૪-૨૫ દરમિયાન ટોટલ રૂ. ૫૯.૩૮ કરોડ રૂપિયાની ટોટલ ઈક્મ નોંધાવી હતી. જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન થયેલી કુલ રૂ. ૯.૨૮ કરોડની આવક સામે Y-o-Y ૫૪૦% નો ગ્રોથ દર્શાવે છે. FY ૨૦૨૪-૨૫ માટે કંપનીનો નેટ પ્રોફિટ રૂ. ૫૮.૪૨ લાખ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત વર્ષના સમાન સમયગાળામાં કંપનીને રૂ. ૩.૫૭ કરોડનો લોસ થયો હતો. Q4FY ૨૦૨૪-૨૫માં કંપનીએ રૂ. ૩.૨૩ કરોડની ટોટલ ઈક્મ નોંધાવી હતી. જે ગયા વર્ષના સમાન સમયગાળાની કુલ આવક કરતા ૧૪૩% વધુ છે. ગત વર્ષે કંપનીએ રૂ. ૧.૩૩ કરોડની કુલ આવક નોંધાવી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ચોથા ક્વાર્ટરમાં કંપનીએ નેટ પ્રોફિટ રૂ. ૧.૭૮ કરોડ નોંધાવ્યો હતો. જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૬૧.૪ લાખના નેટ પ્રોફિટ કરતા વાર્ષિક ધોરણે ૧૯૦% વધારે છે. કંપનીનો EPS પ્રતિ શેર રૂ. ૨.૧૨ હતો. (૧૮-૨)

સંસ્કારોનીભાષા, જ્ઞાન વિજ્ઞાનની ભાષા અને અસ્તિત્વની ભાષા સંસ્કૃત : પાલીવાલ

અમદાવાદ, સંસ્કૃત ભારતી અને સ્વામિનારાયણ મંદિર મણીનગરના સંયુક્ત તત્વાવધાનમાં ચાલી રહેલા સંસ્કૃત ભાષાબોધન વર્ગના ઉદઘાટન સમારોહમાં આ ઉદગારો વ્યક્ત કર્યા હતા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાન્જય પાલિવાલે. શ્રી હિમાન્જય પાલિવાલે જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા એ ભારતના અસ્તિત્વની ભાષા છે, ભારતના રક્તમાં, આ ભાષા છે અને સંસ્કૃત એ સંસ્કૃતિની ભાષા છે માટે સંસ્કૃતિનું રક્ષણ કરવા માટે સંસ્કૃત નું સંરક્ષણ અતિ અનિવાર્ય છે .આ સંસ્કૃત ભાષા વ્યવહાર ભાષાપણ બને એ માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ .. ભાષાબોધન વર્ગના ઉદ્ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ પૂજ્ય શ્રી જીતેન્દ્રપ્રિયદાસજી મહારાજ, વિશિષ્ટ અતિથિના રૂપમાં કર્ણાવતી મહાનગરના રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના માનનીય સંઘચાલક શ્રીમહેશભાઈ પારેખ અને અતિથિ વિશેષના રૂપમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ શ્રી હિમાંજય પાલિવાલજી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની માહિતી આપતા સંસ્કૃત ભારતી કર્ણાવતી મહાનગરના પ્રચાર પ્રમુખ કુમાર ત્રિવેદીએ જણાવ્યું કે આ કાર્યક્રમનું શુભારંભ દીપ પ્રજ્વલનથી કરવામાં આવ્યો હતો અને કાર્યક્રમમાં સંસ્કૃતભારતી કર્ણાવતી મહાનગરના અધ્યક્ષ શ્રી રામકિશોરજી ત્રિપાઠી દ્વારા સમસ્ત મંચસ્થ મહાનુભાવોનું ,અતિથિજનો અને ઉપસ્થિત સંસ્કૃત અનુરાગીઓનું વાક્સુમનોથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

JM FINANCIAL HOME LOANS

જેએમ ફાઈનાન્સિયલ હોમ લોન્સ લિમીટેડ

કોર્પોરેટ ઓફિસઃ ત્રીજો માળ, સુઆશિષ આઈટી પાર્ક, પ્લોટ નં. ૬૮ઈ, દત્તા પાડા રોડની બહાર, ટાટા સ્ટીલની સામે, બોરીવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૬.

મૂળ ચુકવણી સંગ્રહ રસીદ બુક્સ ખોવાઈ ગયા છે

જાહેર જનતાને આથી જ્ઞાન કરવામાં આવે છે કે જેએમ ફાઈનાન્શિયલ હોમ લોન્સ લિમિટેડ (ત્યારબાદ જેએમએફએચએલએલ તરીકે ઓળખાય છે) અમારા કલેક્શન એક્ઝિક્યુટિવ (શ્રી મિહિર હરીશભાઈ સોલંકી) દ્વારા ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ તેમના ઘર / નિવાસસ્થાનમાંથી ખોવાઈ ગઈ છે. નીચે મૂળ ચુકવણી સંગ્રહ રસીદ બુક્સની વિગતો અને મૂળ ચુકવણી સંગ્રહ ખાલી રસીદો આપવામાં આવી છે જે અમારા દ્વારા કોઈપણ ગ્રાહકોને જારી કરવામાં આવતી નથી. અમે અહીં જાહેર જનતાને સૂચના આપી છે કે જેઓ જેએમએફએચએલએલ ને નીચે દર્શાવેલ રસીદો સામે કોઈપણ ચુકવણી ન કરે.

- મૂળ ચુકવણી સંગ્રહ રસીદ બુક ક્રમાંકઃ-૨૧૮૨
- મૂળ ચુકવણી સંગ્રહ રસીદ બુક થીઃ-૪૩૦૨૧ થી ૪૩૦૪૦ (ખોવાયેલ)

ઉપરોક્ત મૂળ સંગ્રહ રસીદ બુક્સનો કબજો ધરાવતી કોઈપણ વ્યક્તિએ શ્રી વૈભવ પટેલને મોબાઈલ નંબર ૮૩૨૦૩૦૨૧૬૦ પર અથવા અમારા કસ્ટમર કેર all services.homeloans@jmfl.com પર જ્ઞાન કરવી જોઈએ. સંપર્કઃ ૦૮૦ ૬૯૯૩ ૫૦૫૦ આ પ્રકાશનની તારીખથી ૭ (સાત) દિવસની અંદર.

તારીખઃ ૨૯-૦૫-૨૦૨૫
સ્થળઃ સુરત, ગુજરાત

જેએમ ફાઈનાન્શિયલ હોમ લોન્સ લિમિટેડ વતી,
સહી/ અધિકૃત અધિકારી

જાહેર નોટીસ

સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

રજિસ્ટર્ડ ઑફિસ : એસપીએઆરીસી, તાંડલજા, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૧૨

જેને પણ લાગુ પડે છે તેમના માટે

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના નીચે દર્શાવેલ સિક્યોરિટીઝ માટેના પ્રમાણપત્રો ખોવાઈ ગયા છે/ ખોવાઈ ગયા છે અને ઉપરોક્ત સિક્યોરિટીઝના ધારકો/અરજદારોએ ડુપ્લિકેટ પ્રમાણપત્રો જારી કરવા માટે કંપનીને અરજી કરી છે/કરેલી છે.

સિક્યોરિટી ધારકનું નામ	ફોલિયો નં.	ફેસ વેલ્યુ	સિક્યોરિટીઝની સંખ્યા	પ્રમાણપત્ર નં.	વિશિષ્ટ નં. થી - સુધી	
કુલદીપ સિંઘ ચઢ્ઢા	XK023057	10/-	50	12995	2944341	2944390
			22	12996	2944391	2944412
			50	774436	33381401	33381450
			5	774437	33381451	33381455
			1	774438	33381456	33381456
			50	916936	36040706	36040755
			5	916937	36040756	36040760
			1	916938	36040761	36040761
			50	1604435	79644301	79644350
			50	1604436	79644351	79644400
			20	1604445	79644801	79644820
			50	2532504	117594970	117595019
			50	2532505	117595020	117595069
			50	2532506	117595070	117595119
			50	2532507	117595120	117595169
			50	2532508	117595170	117595219
			50	2532509	117595220	117595269
			50	2532510	117595270	117595319
			50	2532511	117595320	117595369
			20	2532512	117595370	117595389
			1	2532515	117595402	117595402

ઉપરોક્ત શેર પ્રમાણપત્રો ખરીદવા અથવા કોઈપણ રીતે વ્યવહાર કરવા સામે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે.

ઉપરોક્ત શેર પ્રમાણપત્રો અંગે કોઈપણ વ્યક્તિનો કોઈ દાવો હોય તો તેમણે કંપની અથવા તેના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ : એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ૨૪૭ પાર્ક, સી-૧૦૧, ૧ લો માળ, એલ. બી. એસ. માર્ગ, વિકરોલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૮૩. ટેલિફોન : ૮૧૦૮૧૧૬૭૬૭ ને આ નોટિસ પ્રકાશિત થયાના ૧૫ દિવસની અંદર આ દાવો નોંધાવવો જોઈએ, ત્યારબાદ કોઈ દાવો ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને કંપની ડુપ્લિકેટ શેર પ્રમાણપત્રો જારી કરવાની કાર્યવાહી કરશે.

સ્થળ : વડોદરા,
તારીખઃ ૨૯.૦૫.૨૦૨૫

દાવેદારનું નામ :
કુલદીપ સિંઘ ચઢ્ઢા

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

(જે પહેલા આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

CIN :L65110TN2014PLC097792

IDFC FIRST Bank

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટોવર, ૮મો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ ચેન્નઈ-૬૦૦૦૩૧,ટેલી: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦, ફેક્સ: +૯૧૪૪ ૪૫૬૪ ૪૦૨૨

અધિકૃત અધિકારી - દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નંબર - ૯૨૭૪૨૦૭૯૦૮

અધિકૃત અધિકારી- મી. ચિન્મય આચાર્ય I સંપર્ક નંબર - ૯૫૭૪૪૪૮૮૪૪

સુધારો

૧૨.૦૫.૨૦૨૫ના રોજ ખાનગી સંધિ નોટિસ નો સુધારો જે ફાયનેન્સીયલ એક્સપ્રેસ અને લોક મિત્ર સુરત એડીશન માં તારીખ ૧૪.૦૫.૨૦૨૫ ના રોજ પ્રકાશિત થયો તેના સંદર્ભમાં, જેમાં માહી સિઝન સ્ટોર, મી. ફૈઝલ આઈ જુમાની, મી. ઈબ્રાહિમ ઈસ્માઈલભાઈ જુમાની,શ્રીમતી સમીમ બેનઆઈ જુમાની અને સુકુન કેટરર્સ નીચે જણાવેલ મિલ્કત માટે ટેક્નીકલ કારણોસર સ્ટેન્ડ પાછું ખેંચી લેવામાં આવ્યુ છે.

ગિરો સરનામું : તમામ ભાગ અને હિસ્સો ઓફ મિલ્કતના તમામ ભાગ અને હિસ્સાનો સમાવેશ થાય છે. મિલ્કતમાં રેસીડેન્સીયલ હાઉસ ખાતે જમીન ક્ષેત્ર ૧૦૩.૬૨ સ્કેવર મી. જેમકે , ૧૨૩-૯૩ સ્કેવર યાર્ડ જે સદર બજાર મેઈન રોડ, રાજકોટ સિટી સર્વે વાર્ડ નં. ૧૬ સિટી સર્વે નં. ૨૭૨૨/પી સબ- ડિસ્ટ્રીક્ટ અને રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ- રાજકોટ, ગુજરાત- ૩૬૦૦૦૧ ખાતે સ્થિત છે. તેની ચારે બાજુ :- ઉત્તરે :- મદ્રેસા રોડ, દક્ષિણે :- સદર બજાર મેઈન રોડ, પુર્વે :- અન્ય મિલ્કત અને પશ્ચિમે:- અન્ય મિલ્કત

જાહેરાતના અન્ય મુદ્દાઓ અપરિવર્તિત રહેશે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(જે પહેલા આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

તારીખ : ૨૯.૦૫.૨૦૨૫

Truhome FINANCE

ડીમાન્ડ નોટીસ

ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)

રજીસ્ટર્ડ ઓફિસ : શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૮.
હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - જી, બાન્દ્રા-કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧. **વેબસાઈટ :** http://www.truhomefinance.in

આથી સુચના આપવામાં આવે છે કે નીચેના દેવાદારોએ **ટ્રુહોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિ.)** પાસેથી મેળવેલી લોન સુવિધાઓના પ્રિન્સીપલ રકમ અને વ્યાજની ચુકવણીમાં ડિફોલ્ટ થયા છો અને ઉપરોકત લોન ખાતાઓને નોન - પરફૉર્મિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. તેમને તેમના છેલ્લા જાણીતા સરનામાં પર સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એકટ) ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરવામાં આવી હતી. ઉપરોકત ડીમાન્ડ નોટીસ ઉપરાંત, તેમને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરવામાં આવી છે. કલમ ૧૩(૨) હેઠળ મોકલવામાં આવેલી ઉધારકર્તાઓ, સિકટોરીટીઝ, બાકી લેણાં, ડીમાન્ડ નોટીસ અને તેના હેઠળ દાવો કરાયેલ રકમની વિગતો નીચે મુજબ આપવામાં આવી છે.

ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તા/ જામીનદારનું નામ	મુકરર મિલકતનું વર્ણન	ડીમાન્ડ નોટીસની તારીખ અને બાકી લ્હેંણી રકમ
(૧). રાજેશ અરૂણ દિક્ષીત, (૨). જયશ્રી રાજેશ દિક્ષીત, (૩). આર.ડી. એન્જીનિયરીંગ એન્ડ ફેબ્રીકેશન, તેમના પ્રોપ્રાઈટર રાજેશ અરૂણ દિક્ષીત, (૪). જયંત અરૂણ દિક્ષીત, **હાલનું, કાયમી અને મિલકતનું સરનામું :-** રો હાઉસ નં. ૭૩, ગોકુલધામ બંગ્લોઝ, દેવભૂમી બંગ્લોઝની સામે, વિવેકાનંદ નગર ની પાસે, વૃંદાવન બંગ્લોઝની પાસે, હાથીજણ સર્કલની પાસે, અમદાવાદ - નડીયાદ હાઈવે ની પાસે, હાથીજણ, અમદાવાદ - ૩૮૨૪૩૫. **અને અહીં પણ હાલનું સરનામું - ૩ :** શેડ નં. ૫૧, ગજાનંદ ઈન્ડસ્ટ્રીયલ હબ, વિંઝોલ પાટીયા, અંબે એસ્ટેટની પાછળ, વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫. **અને અહીં પણ હાલનું સરનામું - ૪ :** પ્લોટ નં. એ-૧૩૧, એમ.આઈ.ડી.સી. પરીસર, અજીથા રોડ, જલગાવ, મહારાષ્ટ્ર - ૪૨૫૦૦૩. **LAN No. SLPHMNGR0000174** **લોનની રકમ : રૂા. ૪૯,૯૦,૦૦૦/- (રૂા. ઓગણપચ્યાસ લાખ નેવું હજાર પુરા)** **એનપીએ : ૦૬.૦૫.૨૦૨૫**	તમામ ભાગ અને હિસ્સા સાથેની ફ્રી હોલ્ડ સ્થાવર મિલકતનો બંગ્લોઝ / ઘર નં. ૭૩, પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ ૧૪૩.૨૯ સ્કે.મી. (અવિભાજીત હકક સાથેનો કોમન રોડ, કોમન પ્લોટ વગેરે) અને બાંધકામ એરીયાનું ક્ષેત્રફળ ૧૧૦.૦૯ સ્કે.મી. (બિલ્ટ અપ), ગોકુલધામ બંગ્લોઝ થી જાણીતી સ્કીમ, સંયુકત બ્લોક નં. ૪૫૯, ૪૮૯, ૪૯૦, જુનો બ્લોક નં. ૧૦૮/૧/૨/૩, બ્લોક નં. ૧૦૮ (જુનો સર્વે નં. ૧૪૬/૧, ૩૬૩/૧, ૩૬૩/૨), ન્યુ બ્લોક નં. ૪૬૦, જુનો બ્લોક નં. ૧૦૯ (જુનો સર્વે નં. ૧૪૬/૩, ૧૪૬/૪ અને ૧૪૬/૫), ન્યુ બ્લોક નં. ૪૬૯, જુનો બ્લોક નં. ૧૧૮ (જુનો સર્વે નં. ૧૪૬/૨) ચૈકી, સબા પ્લોટ નં. ૧, ક્ષેત્રફળ ૨૩૫૨૪.૫૩ સ્કે.મી. મોજે - બડોદરા, તાલુકો - દસ્ક્રોઈ, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - અમદાવાદ - ૧૧ (અસલાલી), રાજય - ગુજરાત. **ચતુઃસીમા : પૂર્વે :** ઘર નં. ૧૦૨, **પશ્ચિમે :** સોસાયટીનો કોમન રોડ, **ઉત્તરે :** લાગુ જમીન, **દક્ષિણે :** હાઉસ નં. ૭૪.	ડીમાન્ડ નોટીસ ની તારીખ : ૧૨.૦૫.૨૦૨૫ ---------- રૂા. ૫૫,૭૪,૩૭૨/- (રૂા. પંચાવન લાખ ચુંમોતેર હજાર ત્રણસો બોત્તેર પુરા) તા. ૦૭.૦૫.૨૦૨૫, લોન એકાઉન્ટ નં. SLPHMNGR0000174
(૧). સોરઠીયા હાર્દિક પરસોત્તમભાઈ, (૨). સોરઠીયા અસ્મીતા હાર્દિક, **હાલનું સરનામું :-** બ્લોક નં. ૬૬, શ્રી ગણેશ કૃપા, ગ્રીન પાર્ક સોસાયટી, શેરી નં. ૧, રાજ બેંકની સામે, બાપા સીતારામ ચોકની પાસે, માવડી મેઈન રોડ, માવડી, રાજકોટ - ૩૬૦૦૦૪. **મિલકતનું સરનામું :-** ફલેટ નં. ૧૦૧, પહેલો માળ, વિંગ નં. બી/૨, સુવર્ણ ભૂમી, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાસે, સુવર્ણ ભૂમી સર્કલ, અંબિકા ટાઉન મેઈન રોડ, માવડી, રાજકોટ - ૩૬૦૦૦૫. **LAN No. SHLHRAJK0001253** **લોનની રકમ : રૂા. ૫૧,૬૯,૫૩૨/- (રૂા. એકાવન લાખ ઓગણસિત્તેર હજાર પાંચસો બત્રીસ પુરા) અને** **એનપીએ : ૦૬.૦૫.૨૦૨૫**	રહેણાંક ફલેટ નં. ૧૦૧, બિલ્ડીંગ નં. બી, સુવર્ણ ભૂમી બિલ્ડીંગ સાથે, કુલ જમીનનું ક્ષેત્રફળ ૨૨૧૫૬.૦૦ સ્કે.મી., પ્લોટ નં. ૧/૧ + ૧/૨, કોમન પ્લોટ, માવડી, રેવન્યુ સર્વે નં. ૧૯૫/૧-૨-૩-૪ ચૈકી, ટીપીએસ નં. ૨૬ (માવડી), એફપી નં. ૪, જીલ્લો - રાજકોટ (બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૨૨.૨૮૫ સ્કે.મી.). **ચતુઃસીમા :- પૂર્વે :** મે